**HSRP (Decentralized Fitment Process)- 2017**

**ના અમલીકરણ બાબત.**

વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી
બ્લોક નં.-૬, ૨જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.

પરિપત્ર ક્રમાંકઃ- HSRP/Fitment/ડી-સેન્ટ્રલાઇઝડ સ્કીમ/ ૩૬૨૯

તારીખઃ- 18 MAY 2017

## વંચાણે લીધાઃ-

(૧) નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ Petition(s) for Special leave to appeal (Civil) No (s). 16064/2012 અન્વયે થયેલ આદેશ તા. ૧૩.૧૨.૨૦૧૨.

(૨) નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ Petition(s) for Special leave to appeal (Civil) No (s). 16064/2012 અન્વયે થયેલ આદેશ તા. ૦૬.૦૫.૨૦૧૩.

(3) માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય, ભારત સરકારનો પત્ર ક્રમાંકઃ RT-11028/02/2011-MVL તા. ૨૬.૦૩.૨૦૧૩.

(૪) Secretary (RT & H) ની અધ્યક્ષતામાં રાજયોના અગ્રસચિવશ્રીઓ/ કમિશ્નરશ્રીઓ વાહન વ્યવહાર ની સાથે તા. ૨૧.૧૨.૨૦૧૫ ના રોજ યોજાયેલ બેઠક ની કાર્યવાહી નોંધ.

(૫) વાહન વ્યવહાર કમિશ્નર કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ આઇ.ટી/RC Book/HSRP/ વન ડે સર્વિસ/૬૨૩૦ તા. ૨૩.૯.૨૦૧૬.

(૬) માન. મંત્રીશ્રી, રાજયકક્ષા, વાહન વ્યવહાર (સ્વતંત્ર હવાલો) ની અધ્યક્ષતામાં તા. ૧૭.૧૧.૨૦૧૬ ના રોજ રાખવામાં આવેલ બેઠકની કાર્યવાહી નોંધ.

(૭) વાહન વ્યવહાર કમિશ્નર કચેરી, ગાંધીનગર નો પત્ર ક્રમાંકઃ આઇ.ટી/ એચ.એસ.આર.પી/ડીલર્સ/ફીટમેન્ટ/૨૦૧૬/૮૧૦૭તા. ૨૨.૧૧.૨૦૧૬.

(૮) માન. મંત્રીશ્રી, રાજયકક્ષા, વાહન વ્યવહાર (સ્વતંત્ર હવાલો) ની અધ્યક્ષતામાં તા. ૦૩.૦૧.૨૦૧૭ ના રોજ રાખવામાં આવેલ બેઠકની કાર્યવાહી નોંધ.

(૯) વાહન વ્યવહાર કમિશ્નર કચેરીના કાર્યાલય આદેશ નં.- ૨૮/૨૦૧૭ તા. ૬.૧.૨૦૧૭.

(૧૦) ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ એન્ડ ટેકનીકલ કન્સલટન્સી ઓર્ગેનાઇઝેશન લીમીટેડ (GITCO) ના પત્ર ક્રમાંકઃ GITCO/VBB/622 તા. ૭.૩.૨૦૧૭ ના પત્રથી રજુ કરવામાં આવેલ રીપોર્ટ.

(૧૧) વાહન વ્યવહાર કમિશ્નર કચેરીના કાર્યાલય આદેશ નં.- ૨૮/૨૦૧૭ તા. ૦૬.૦૧.૨૦૧૭ થી રચાયેલ કમિટી ની તા. ૦૯.૦૩.૨૦૧૭ ના રોજ મળેલ બેઠક ની કાર્યવાહી નોંધ.

# પરિપત્ર

નામદાર સુપ્રિમ કોર્ટના દિશાનિર્દેશાનુસાર તમામ પ્રકારના વાહનોમાં હાઇ સિક્યુરીટી રજીસ્ટ્રેશન પ્લેટ (HSRP) લગાડવી ફરજીયાત કરવામાં આવેલ છે. આ અન્વયે રાજયમાં એચ.એસ.આર.પી. પ્રોજેકટના અમલીકરણ અંતર્ગત કમિશ્નરશ્રી, વાહન વ્યવહાર, ગુજરાત રાજય ધ્વારા M/s. FTA HSRP Solutions Pvt. Ltd., Gandhinagar સાથે Concession Agreement કરવામાં આવેલ છે. જે અન્વયે રાજયની આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. ખાતે હાલ એચ.એસ.આર.પી. ફીટમેન્ટ થાય છે. વાહન માલિકોનો સમય બચે, આર.ટી.ઓ. ખાતે ભીડ ન થાય તેમજ નાગરિકોને સુવિધા અને સરળતા રહે તે હેતુથી નામ. સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ Petition(s) for Special leave to appeal (Civil) No (s). 16064/2012 માં તા. ૧૩.૧૨.૨૦૧૨ ના રોજ થયેલ આદેશ અન્વયે HSRP ફીટમેન્ટની સુવિધા આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. ઉપરાંત Concessionaire (FTA HSRP Solutions Pvt. Ltd., Gandhinagar) ધ્વારા રાજયના અધિકૃત ઓટો ડીલર્સ ના શો-રૂમ/ વર્કશોપ અને અન્ય સ્થળો ખાતે પૂરી પાડવા સરકારશ્રી ધ્વારા વિચારણા કરવામાં આવેલ છે જે અન્વયે જૂના વાહનો માટે ડીલર્સ વર્ક-શોપ, રીપેર ગેરેજ, પાર્કીંગ સ્થળો, શોપીંગ મોલ્સ, મલ્ટી પ્લેક્સ થીયેટર્સ, રાજયની તમામ આર.ટી.ઓ. ચેકપોસ્ટ, ટોલ-પ્લાઝા અથવા અન્ય અનુકૂળ સ્થળોએ HSRP ફીટમેન્ટ માટેની સુવિધા પૂરી પાડી શકાશે. આમ, આ કામગીરીનું વિકેન્દ્રીકરણ થાય તે રાજય સરકારનો અભિગમ છે.

આ વ્યવસ્થા વાહન માલિકને સ્થળ ઉપર સુવિધા મળી રહે તે માટેની વૈકલ્પિક વ્યવસ્થા છે. જો વાહન માલિક ઇચ્છે તો, આ સુવિધા આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરી ખાતે મેળવી શકે છે. આર.ટી.ઓ. કચેરી સિવાય જે જે સ્થળોએ આ પ્રકારની સેવા ઉભી કરવામાં આવે ત્યાં "આ સેવા અને તે માટે નિર્દિષ્ટ થયેલ વધારાના સર્વિસ ચાર્જ સ્વૈચ્છિક છે" તેવું બોર્ડ મૂકવાનું રહેશે. આ સેવા માટે સરકારશ્રી ધ્વારા નિયત કરેલ HSRP ફી ઉપરાંત નીચે મુજબના **Additional Service Charge** Concessionaire Agency વાહન માલિક અથવા ડીલર્સ પાસેથી મેળવી શકશે .

| વાહનનો પ્રકાર | **Additional Service Charge *** (લાગુ પડતા કરવેરા સિવાય) |
|---|---|
| ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર | રૂા. ૮૯.૦૦ |
| ફોર-વ્હીલર (LMV) અને હેવી વ્હીકલ્સ (HMV) | રૂા. ૧૫૦.૦૦ |

* આ **Additional Service Charge** ઉપરાંત લાગુ પડતાં કરવેરા ચૂકવવાના રહેશે.

આર.ટી.ઓ. કચેરી સિવાય જે જે સ્થળોએ આ પ્રકારની સેવા ઉભી કરવામાં આવે ત્યાં સદરહુ સેવા માટે જે વધારાની રકમ ચૂકવવાની છે તેના પર ચૂકવવાના થતા વેરાની રકમ પણ સ્પષ્ટ રીતે જાહેરમાં બોર્ડમાં દર્શાવવાની રહેશે. આ સિવાય **HSRP** ફીટમેન્ટના હેતુથી કોઇપણ વધારાની રકમ વાહન માલિક પાસેથી લઇ શકાશે નહીં.

જો વાહન માલિક નવા નોંધાતા વાહનો ની **HSRP** આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. ખાતે ફીટ કરાવવા માંગતા હોય અને વાહનને ડીલરશીપ થી સીધા આર.ટી.ઓ.માં ફીટમેન્ટ માટે લઇ જવાની ઇરછા દર્શાવે ત્યારે વાહન માલિક ની લેખિત બાંહેધરી મેળવી વાહનને એચ.એસ.આર.પી. ફીટમેન્ટ સિવાય આર.ટી.ઓ.માં જવા દેવું. પરંતુ તે સિવાય તમામ નવા વાહનોની એચ.એસ.આર.પી. ફીટમેન્ટ ડીલરશીપ ખાતે થાય તે જરૂરી છે.

આ પરિપત્ર ઇસ્યુ થતાં હાલ ટેમ્પરરી રજીસ્ટ્રેશન ની પ્રથા બંધ કરવામાં આવે છે. જેથી એચ.એસ.આર.પી. ફીટમેન્ટ વગર વાહનની ડીલીવરી આપી શકાશે નહીં. સિવાય કે જો વાહન માલિક આર.ટી.ઓ. ખાતે નવા વાહનની એચ.એસ.આર.પી. ફીટ કરવા ઇરછતા હોય અને તે જ દિવસે વાહનને ડીલરશીપ માંથી આર.ટી.ઓ.માં લઇ જવા માંગતા હોય ત્યારે. તે સિવાય જો **HSRP** ફીટમેન્ટ વિના જો વાહનની ડીલીવરી કરવામાં આવશે તો ઉપર્યુકત સૂચનાનો ઉલ્લંઘન ગણાશે અને સંબંધિત ડીલર નું ટ્રેડ સર્ટીફીકેટ **(TC)** રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

કન્સેશનરે ડીલર્સ શો-રૂમ/વર્કશોપ/અન્ય સ્થળો ખાતે ફીટ કરેલ તમામ **HSRP** ના **Reporting** માટે આ સાથે સામેલ નમૂના મુજબનું **MIS** તૈયાર કરી વાહન વ્યવહાર કમિશ્નર કચેરીને નિયત નમુનામાં દરરોજ માહિતી મોકલવાની રહેશે.

ઉપર્યુકત સૂચનાનો અમલ તાત્કાલિક અસરથી કરવા આથી સંબંધિત સર્વેને જણાવવામાં આવે છે.

વાહન વ્યવહાર કમિશ્નર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

(૧) તમામ આર.ટી.ઓ.શ્રી/ એ.આર.ટી.ઓ.શ્રી. ને જાણ તેમજ તમામ ડીલર્સ ને સદર બાબતે વાકેફ કરી એજન્સીના સંકલનમાં રહી યોગ્ય અમલવારી કરવા સારૂ.

(૨) **M/s. FTA HSRP Solutions Pvt. Ltd., B/31, Electronic Estate, GIDC, Gandhinagar** ને જાણ તેમજ આર.ટીઓ./એ.આર.ટી.ઓ. અને અધિકૃત ડીલર્સના સંકલનમાં રહી યોગ્ય વ્યવસ્થા કરી નિયત સમયમર્યાદામાં સ્કીમ નો અમલ કરવા સારૂ.

(3) તમામ ડીલર્સ (આર.ટી.ઓ. મારફતે )

<u>નકલ સવિનય રવાનાઃ-</u>

(૧) માન. મંત્રીશ્રી, રાજયકક્ષા, વાહન વ્યવહાર (સ્વતંત્ર હવાલો), ગુજરાત સરકાર ના અંગત મદદનીશશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. અગ્રસચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ ના અંગત મદદનીશશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.

(3) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નં.-૨, ૯મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.